ગાંધીનગર સમાચાર
તા. ૧૭-૬-૨૦૧૫, બુધવાર

## તંત્રી સ્થાનેથી....

### સૈનિકોના ઘા પર મીઠું ભભરાવતા સંરક્ષણ મંત્રી

'વન રેન્ક-વન પેન્શન'ની વર્ષો જૂની માગણી સાથે ઉપવાસ પર બેઠેલા નિવૃત્ત સૈનિકોનો પ્રશ્ન કોઇ પણ સંવેદનશીલ નાગરિકને સમજાય એવો છે અને કોઇ પણ સરકાર આ માગણીને અવહેવારું ગણી શકે એમ નથી. અહીં દેશ માટે જીવનું જોખમ વહોરનારા ખમીરવંતા સૈનિકોને એમનું માગતું લેણું જ ચૂકવવાની રજૂઆત છે. સરકારે કોઇ દયાદાન કે મહેરબાની દાખવવાની નથી - સ્વમાની સૈનિકોને એવી મહેરબાની ખપે પણ નહીં. નવાં પગારપંચ અપાતા ગયાં તેમ પગારો વધતા ગયા પરંતુ એથી અગાઉ બંધાયેલા પેન્શન યથાવત રહે તો એક સમયના બ્રિગેડિયર કે કર્નલને પાછળથી રિયાટર થયેલ કેપ્ટન કરતાં ઓછું પેન્શન મળે, એવી વિસંવાદિતા સરજાવા પામી. નઘરોળ, બેજવાબદાર બ્યુરોક્રસી સમક્ષ વર્ષો સુધી રજૂઆતો કર્યા છતાં અને છેલ્લે સૈનિકોને સલામ કરતી મોદી સરકાર પાસેથી પણ થાબડભાણાંથી વધારે કશું પ્રાપ્ત નહીં થાય એવી પ્રતીતિ થતાં સૈનિકોએ અનશનનું અહિંસક શસ્ત્ર ઉગામવું પડ્યું છે. સૈનિકોને 'વન રેન્ક-વન પેન્શન' મુદ્દે કોંગ્રેસ અને ભાજપ - બેઉ પક્ષો સતત આશ્વાસન આપતા રહ્યા છે. મોદી પ્રત્યે સૈનિકોને જરા વધારે પડતી શ્રદ્ધા હતી. એમણે ચૂંટણી પ્રચાર દરમિયાન હરિયાણામાં મોટી સૈનિક રેલી યોજીને આ મુદ્દો ઉકેલવાની ખાતરી આપી હતી. વળી પૂર્વ સૈન્ય વડા જનરલ વી.કે. સિંહ ભાજપમાં જોડાઇને ગાઝિયાબાદ બેઠક પરથી ચૂંટાયા પણ હતા અને મોદી સરકારમાં રાજયકક્ષાના વિદેશમંત્રી તરીકે પણ નિયુક્ત થયા હતા. મોદી સરકાર સમક્ષ પોતાની માગણી વારંવાર રજૂ કર્યા છતાં સરકાર એના કાર્યકાળનું એક વર્ષ પૂરું થઇ ગયું ત્યાં સુધી સમસ્યાનો ઉકેલ આણી શકી નથી, તે હકીકત છે. આખરે સૈનિકોના મંડળે સરકારને અલ્ટિમેટમ આપી ત્યાં સુધીમાં પ્રશ્ન હલ નહીં થાય તો ભૂખ હડતાલ કરવાની ધમકી આપી હતી. સરકારના સંરક્ષણમંત્રી મનોહર પારિકર જરા વધુ પડતાં 'સ્માર્ટ' થવા ગયા, એથી પરિસ્થિતિ સુધરવાને બદલે વણસી છે. એમને સૈનિકોના પ્રતિનિધિઓ સમક્ષ ભાષણ ભરડતાં એવું વિધાન કર્યું જેથી સૈનિકોની જ નહીં, આમ નાગરિકોની લાગણી પણ દુભાઇ છે. સૈનિકો પ્રત્યે સરકારી તંત્ર ઉપેક્ષાની નજરે જોતું થયું એનું કારણ સંરક્ષણ મંત્રીને છેલ્લાં પચાસ વરસથી યુદ્ધ નથી થયું તે લાગ્યું છે! પારિકરનું ઇતિહાસ જ્ઞાન નબળું લાગે છે. કારગિલ યુદ્ધ તો વાજપેયી સરકાર વખતની ઘટના છે. વળી સૈનિકની કદર યુદ્ધ ટાણે જ થાય - એવો વિચાર જ બેહૂદો છે. સૈન્ય યુદ્ધ માટે નથી હોતું, ખરું પુછો તો એ શાંતિ માટે જ કાર્યરત રહે છે. સરહદો પર સૈન્યની હાજરીને કારણે શાંતિ જળવાય છે. વળી ભૂકંપ, વાવાઝોડા કે પૂર-સુનામી જેવી કુદરતી આફતો વખતે, કૈલાસ માનસરોવર કે અમરનાથ જેવી યાત્રાઓમાં આ સૈનિકો જ જીવના જોખમે જનતાને મદદરુપ થતા હોય છે. પારિકરના કટાક્ષથી સ્વાભાવિક રીતે જ સૈનિક પરિવનારોની લાગણી ઘવાઇ છે. વિપક્ષોને પણ મોદી સરકારના આવા નઠોર અને કઠોર સંરક્ષણમંત્રી વિરુદ્ધ ઊહાપોહ કરવાની તક સાંપડી છે.

# સાહિત્યકાર ફિલીપ ક્લાર્કનું કાવ્ય પઠન

## કેટલાં રોમાંસથી લખતાં હતાં પ્રેમપત્રો પસ્તી જેવાં થઈ ગયાં

ગાંધીનગર, તા. ૧૬

ગાંધીનગર સાહિત્ય સભાના ઉપક્રમે જાણીતા સાહિત્યકાર ફિલીપ ક્લાર્કના કાવ્ય પઠનનો એક સુંદર કાર્યક્રમ યોજાઈ ગયો.

ચાંદ જાંખો, વાય વાણું તોય શું જેવાં ૨૨ બાળ સાહિત્યના પુસ્તકો, બારી-લઘુ વાર્તા સંગ્રહ, સવારનાં તડકામાં, ટહૂકી રહ્યું ગગન, હવાનાં હોઠ પર જેવા કાવ્ય સંગ્રહ અને મોર્નિંગ વૉક જેવું હળવાં સાહિત્યનું પુસ્તક એમની વૈવિધ્યસભર ચોટદાર હતા.

આપણે મોડાં પડીને પૂછીએ કે થાય છે એ ક્યાં સમયસર થાય છે

ફિલીપ ક્લાર્કનું સ્વાગત ચંદ્રકાન્ત ધનેશ્વર અને ડૉ. સોમભાઈ પટેલ દ્વારા કરવામાં આવ્યું. આ પ્રસંગે



રાતભર એ રોશની લાવ્યાં હતાં

એક એકથી ચઢિયાતા શેર, મુક્તક, કાવ્ય, ગીત, ગઝલ સાથે ફિલીપ ક્લાર્કે મહેફિલ સજાવી હતી. ફિલીપ ક્લાર્કના અત્યાર સુધી ૩૫ પુસ્તકો પ્રકાશીત થયાં છે. રમતાં રમતાં રાત પડી, રિમઝિમ-રિમઝિમ શ્રેષ્ઠતાનો પરિચય આપે છે.

ગાંધીનગર સાહિત્ય સભાના પ્રમુખ ભરત કવિએ એમનો સવિસ્તર પરિચય આપ્યો. ૭૩ વર્ષની ઉંમર, નાદુરસ્ત તબીયત છતાં ફિલીપ ક્લાર્કે એમની વિવિધ રચનાઓ સૌને સંભળાવી જેમાં અમુક શેર તો અનેક સાહિત્યપ્રમીઓ ઉપસ્થિત રહ્યા. કાર્યક્રમની આભારવિધિ સાહિત્ય સભાના મંત્રી સંજય થોરાત દ્વારા કરવામાં આવી. ફિલીપ ક્લાર્ક હજુ નવાં સર્જનો આપતાં રહે એવી શુભેચ્છા ગાંધીનગર સાહિત્ય સભા વતી આપવામાં આવી હતી.

# યુનિવર્સિટી સિન્ડીકેટની આજે બેઠક : વિવિધ મુદાઓ ચમકશે

અમદાવાદ, તા.૧૬

ગુજરાત યુનિવર્સિટી વિવિધ પડત કામો લાંબા સમયથી હાથ ધરાઈ શક્યા નથી. ત્યારે આ કામોના નિકાલ માટે આવતીકાલે સિન્ડીકેટની અગત્યની બેઠક બોલાવવાનું નક્કી કરાયું છે. આ બેઠક પહેલા બાંધકામ સમિતિ અને એકેડેમિક કાઉન્સીલની બેઠક પણ બોલાવવાનું નક્કી કરાયું છે. આ બેઠક અનેક રીતે મહત્વની મનાઈ રહી છે. બેઠકમાં બે માસથી યુનિવર્સિટી દ્વારા કરાયેલા કામોને મંજૂરી માટે જુદી જુદી કમિટીઓમાં મુકવામાં આવશે. સિન્ડીકેટની બેઠકમાં કાયમી પરીક્ષા નિયામક તરીકે દશરથ પટેલની નિમણૂંક કરવામાં આવે તેવી શક્યતા છે. ગુજરાત યુનિવર્સિટી દ્વારા છેલ્લા બે માસમાં અધ્યાપકોની ભરતી, પીઆરઓની નિમણૂક કર્મચારીઓની નિમણૂક માટે એજન્સીની નિમણૂક, નવા ભવનોના બાંધકામ સહિતની અનેક કાર્યવાહીઓ કરવામાં આવી છે. કામોને સિન્ડીકેટની મંજૂરી મળી નથી. આગામી દિવસોમાં કાર્યવાહીને સત્તાવાર મંજૂરી અપાવવા માટેની કાર્યવાહી શરૂ કરાઈ છે.

આવતીકાલે ગુજરાત યુનિવર્સિટી ખાતે સિન્ડીકેટની અગત્યની બેઠક મળશે આ બેઠકમાં છેલ્લા પાંચ વર્ષથી કાર્યકારી પરીક્ષા નિયામકની જગ્યાએ દશરથ પટેલની કાયમી પરીક્ષા નિયામક તરીકે વરણી કરવામાં આવે તેવી શકયતા છે. આ પહેલા ગુજરાત યુનિવર્સિટીમાં બિલ્ડિંગ કમિટી અને ફાઈનાન્સ કમિટીની બેઠક બોલાવાઈ હતી. આ બેઠકમાં નવા બાંધવામાં આવી રહેલા ભવનો અને નવા કામોની મંજૂરી લેવાઈ છે. ફાઈનાન્સ કમિટીના સભ્યોની જાણ માટે કેટલાક કામો રજૂ કરાશે. આ બન્ને કમિટીઓની મંજૂરી મેળવ્યા બાદ એકેડેમિક કામોને નવી બનેલી એકેડેમિ કાઉન્સિલની બેઠકમાં રજૂ કરાશે. નવા બોર્ડની રચનામાં અનેક પ્રકારના વિવાદો બાદ હાલ ૧૮ ચેરમેનની નિયુક્તિ કરીને નવી કાઉન્સિલની બેઠકની રચના કરવામાં આવી છે. હજુ પણ સ્ટેટેસ્ટિકસ સબિતના અનેક બોર્ડની રચના કરવાની બાકી છે. પરંતુ એકેડેમિક કાઉન્સિલ માટે જરૂરી ચેરમેનેની નિમણૂક થતાં એકેડેમિક કાઉન્સિલની બેઠક બોલાવવામાં આવી રહી છે. જુદી જગ્યાઓ માટે જે નિમણૂકો કરવામાં આવી છે તે એકેડેમિક કાઉન્સિલ સમક્ષ રજૂ કરીને મંજૂરી મેળવ્યા બાદ આવતીકાલે સિન્ડિકેટની બેઠક બોલાવવામાં આવી છે.

## ૧૩૫ પાટણવાડા વણકર જ્ઞાતિ પંચનો ઈતિહાસ પુસ્તકનું વિમોચન કરાયું

ગાંધીનગર, તા.૧૬

મહેસાણા ખાતે '૧૩૫ પાટણવાડા વણકર જ્ઞાતિ પંચનો ઈતિહાસ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. પુસ્તકમાં પાટણવાડા વણકર સમાજના દર્શન કરાવવામાં આવ્યા છે તેમ પુસ્તકના લેખક કે.કે. પરમારે જણાવ્યું હતું.

પાટણવાડા વણકર સમાજને અગ્રીમ હરોળમાં મુકવા માટે સમાજના ઈતિહાસને રજુ કરતું '૧૩૫ પાટણવાડા વણકર જ્ઞાતિ પંચનો ઈતિહાસ' પુસ્તકનું વિમોચન કરવામાં આવ્યું હતું. ગત ૧૧ જૂન ગુરુવારે વિમોચન સમારોહ મહેસાણા સ્થિત ડૉ. બાબા સાહેબ આંબેડકર હોલમાં ગુજરાતી સુપર સ્ટાર નરેશ કનોડીયાની અધ્યક્ષતામાં યોજાયો હતો.

વિમોચન પ્રસંગે નરેશ કનોડિયાએ મેરૂ માલણના ગીતને લલકારી ઉપસ્થિત સૌને આનંદીત કરી મુકયા હતા. લેખકે પુસ્તક લખવા બદલ અભિનંદન પાઠવ્યા હતા. ડૉ. નરસિંહદાસે સમાજનો ઈતિહાસ દોહરાવ્યો હતો. સમાજને શિક્ષણ સાથે નાતો રાખવા આગ્રહ કર્યો હતો.

આ પ્રસંગે ઝવેરભાઈ ચાવડા, પૂર્વ કલેકટર, રમેશભાઈ સોલંકી, ચેરમેન અનૂસૂચિત વિકાસ નિગમ, ડૉ. એ.પી.એ. પરમાર, જયંતિલાલ જાદવ સહિત અગ્રણીઓ અને જ્ઞાતિજનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતાં.

# ગુજરાત યુનિવર્સિટીમા નવા રમત-ગમત સંકુલ તૈયાર થશે

## ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલી ૧૦ કરોડની ગ્રાન્ટમાં વધુ પાંચ કરોડ ઉમેરી સંકુલ તૈયાર કરવા નિર્ણય

અમદાવાદ, તા.૧૬

રાજયની સૌથી મોટી ગુજરાત યુનિવર્સિટીમાં મળેલ ફાયનાન્સ અને બિલ્ડીંગ કમિટિ બેઠકમાં નવા રમત સંકુલ તૈયાર કરવાનો નિર્ણય કરવામાં આવ્યો છે આ બેઠકમાં વિવિધ રમત સંકુલ તૈયાર કરવામાં મુદ્દે ચર્ચા કરવામાં આવી હતી જેના અંતે ગુજરાત સરકાર દ્વારા ફાળવવામાં આવેલી રૂ. ૧૦ કરોડની ગ્રાન્ટમાં વધુ પાંચ કરોડ ઉમેરી નવા રમત સંકુલ તૈયાર કરવાનો નિર્ણય કરાયો છે. આ નવા રમત સંકુલ ગુજરાત યુનિવર્સિટી કન્વેન્સન સેન્ટરની સામેના ખુલ્લા મેદાનમાં તૈયાર કરવામાં આવશે.

ગુજરાત યુનિવર્સિટી ખાતે મળેલ બિલ્ડીંગ અને ફાઈનાન્સ કમિટિની બેઠકમાં ટેન્ડર ભરનાર કોન્ટ્રાકટરો અને યુનિવર્સિટીના ઈજનોરોએ પણ ભાગ લીધો હતો. જેમાં ગુજરાતમાં કથળતી જતી રમત ગમતની પ્રવૃત્તિઓ અંગે ચર્ચા કરાઈ હતી તેમજ આ પરિસ્થિતિમાં સુધાર માટે આગામી બે વર્ષમાં ગુજરાત યુનિવર્સિટી ગ્રાઉન્ડ ખાતે ફુટબોલ, વોલીબોલ અને ટેનીસ કોર્ટ તૈયાર કરવામાં આવશે સ્પોર્ટસ ઓથોરીટી ઓફ ગુજરાત પણ આ સંકુલો તૈયાર કરવામાં માટે ગુજરાત યુનિવર્સિટીને પોતાનો સયોગ આપશે આ ભાગીદારીથી યુનિવર્સિટી ગ્રાઉન્ડમાં બે ફુટબોલ ગ્રાઉન્ડ, વોક કરવા માટે શહેરનો પ્રથમ સિન્થેટીક રોડ, ઓલોપિન્ક સાઈઝ પ્રમાણે ૨૫ મીટરનો ટેપરેચર કંટ્રોલ સાથેનો સ્વીમીગપુલ, વોલીબોલ ગ્રાઉન્ડ તૈયાર કરવામાં આવશે. સાથે જ શહેરમાં ટેનીસની વધી રહી લોકપ્રિયતાને ધ્યાનમાં રાખી ચાર નવા ટેનિસ કોર્ટ તૈયાર કરાશે આ તમામ યોજના પાછળ ૬૦ કરોડ રૂપિયાનો ખર્ચ કરવાનો નિર્ણય કરાયો છે. જેમાંથી પ્રારંભિક તબક્કે ૧૦ કરોડ રૂપિયા ગુજરાત સરકારની ગ્રાન્ટ અને પાંચ કરોડ રૂપિયા યુનિવર્સિટી ફંડીગ માથી ચુકવવામાં આવશે જ્યારે બાકીની રકમ કોર્પોરેટ કંપનીઓ, સીન્ડીકેટ સભ્યો, ઈન્ટરનેશનલ એસસ્ટેટ ડીપાર્ટમેન્ટની મદદ લેવામાં આવશે જે બદલે કોર્પોરેટ કંપનીઓના કર્મચારીઓ, સીન્ડીકેટ સભ્યો અને ઈન્ટરનેશનલ એસ્ટેટ વિભાગના કર્મચારીઓને વિઆઈપી દરજો આપવામાં આવશે. આ સ્પોર્ટસ સંકુલમાં શહેરના સામાન્ય નાગરિકો પણ નજીવી ફી ચુકવી પવેશ કરી શકશે.

# વી.આર.વન અભિયાન હેઠળ દલિતોનો સંવાદ કાર્યક્રમ યોજાયો

ગાંધીનગર, તા. ૧૬

ગુજરાતના દલિતોને એક છત્ર હેઠળ લાવીને સમાજના યુવાનો-યુવતિઓને શૈક્ષણિક તેમજ આર્થિક રીતે વિકસિત બનાવવાના આશય સાથે શરૂ થયેલા 'વી આર વન' અભિયાન અંતર્ગત એક વિચાર ગોષ્ઠીનો કાર્યક્રમ ગાંધીનગરના સર્કિટહાઉસ ખાતે યોજાયો હતો.

વિચારગોષ્ઠીમાં ગુજરાતી ફિલ્મોના જાણીતા અભિનેતા અને પૂર્વ ધારાસભ્ય નરેશ કનોડિયા, હાઈકોર્ટના પૂર્વ જસ્ટીસ વિનુભાઈ ભૈરવિયા, નિવૃત્ત આઈ.એ.એસ. અને સાહિત્યકાર પી.કે. વાલેરા, ડૉ. આંબેડકર એવોર્ડ વિજેતા જનબંધુ કૌંસાબી સહિતના દલિત સાહિત્યકારો, જાણીતા દલિત વિચારકો, વિવિધ દલિત સંસ્થાના અગ્રણીઓ તેમજ અન્ય ગણમાન્ય વ્યક્તિઓએ આ સમારંભમાં ઉપસ્થિત રહીને પોતાના વિચારો રજુ કરવાની સાથે સમાજના યુવાનો અને યુવતીઓને આગળ ધપાવવા માટેના જરૂરી સૂચનો કર્યા હતા.

વી.આર.વન અભિયાનના કન્વિનર નિમેષભાઈ વાઘેલાએ જણાવ્યું હતું કે, વિચારગોષ્ઠીમા અમને વિવિધ વિચારકોના સમાજ વિકાસના અને યુવાનોને પથદર્શક બને તેવા અમૂલ્ય સૂચનો પ્રાપ્ત થયા છે. જે દિશામાં અમે આગળ વધવાનીૂ શરૂઆત કરી દીધી છે. ખાસ કરીને સરકારી તેમજ બેન્ક જેવા ક્ષેત્રોની નોકરીઓ માટેની સ્પર્ધાત્મક પરીક્ષાઓમાં દલિત સમાજના યુવાનોને રાહત દરે કોચિંગ તેમજ તાલીમ મળે તેવી વ્યવસ્થા કરવાના સૂચન પર તો અમે કામ ચાલુ કરી દીધું છે. આ ઉપરાંત દલિત સમાજના તેજસ્વી વિદ્યાર્થીઓને ઉચ્ચાભ્યાસ માટે આર્થિક મદદ કરવાનું મહત્વનું સૂચન પણ આ વિચારગોષ્ઠીમાં બહાર આવ્યું હતું. જે અંગે પણ ઘટતું કરવાની તૈયારી આવનારા દિવસોમાં કરવામાં આવનાર છે. ગુજરાતના જાણીતા દલિત આગેવાનો, વિવિધ ક્ષેત્રોના અગ્રમીઓ તેમજ યુવાનોની એક રાજ્યસ્તરની વિરાટ કોન્ફરન્સનું આયોજન કરવાની કાર્યવાહી હાથ ધરવાની આગ્રહપૂર્વકની રજુઆતોના પગલે અમે ટુંક સમયમાં એક સ્ટેટ લેવલની કોન્ફરન્સનું આયોજન કરવાની ગતિવિધિઓ હાથ ધરી છે. અંતમાં કાર્યક્રમમાં ઉપસ્થિત તમામ મહાનુભાવો, તમામ આમંત્રિતોનો તેમજ વી આર વન ટીમના સભ્યો તેમજ કાર્યક્રમને સફળ બનાવવામાં સહયોગ આપનારા તમામ કાર્યકર્તાઓ તેમજ મિત્રોનો ભરતભાઈ રાવતે અંતઃકરણપૂર્વક આભાર માન્યો હતો.

# અધિક માસની આરતી, વ્રત ઉપવાસની વધામણી

## વિચારોના મધુવનમાં

પ્રા. ડૉ. રાકેશ પટેલ

પ્રગટ થયો એક માસ અધિક, બાર માસમા મળે ન સ્થાન.
શુભ કાર્ય વર્જીત, ન તેને માન, .લોકો કહે અશુભ.
નામ મળ્યુ મલમાસ, ચિંતીત માસ અધિક, સદા રહે દુખી.
શરણ ગયો શ્રી કૃષ્ણ, લીધો પ્રભુએ શરણ.
પુરષોતમ નામ રુપ તાજ, પ્રભુએ પહેરાવ્યો માથે.
નીજ સર્વ ગુણ અર્પણ કર્યા, સ્થાન આપ્યુ ચુ.
અધિક માસ બન્યો સર્વોત્તમ, હરેક કાર્યનુ ફળ સો ગણું.
હવે પુરષોત્તમ માસ કહેવાય, આ, અધિકમલમાસ.
આ માસમા જપ, તપ,ધ્યાન, દાન, સ્નાનની મહીમા ઘણી.
અધિકમાસ હરખાય, હરિએ કર્યો તેનો ઉધ્ધાર.
પ્રભુ શરણ સ્વિકારી, બન્યો શાક્ષાત પુરષોત્તમ સ્વરુપ.
પુરષોત્તમમાસનો મહીમા મોટો,આવો સાથે કરીયે ગુણગાન.
હરિ કથા, હરિ ગુણ ગાન અતિશય પ્રિય પ્રભુને.
પ્રભુને વ્હાલા ભક્ત, પ્રભુ ગુણગાન કરીને.
- પામીયે શ્રી હરિ શરણ, થાયે આત્માનો ઉધ્ધાર

**- હેમા પટેલ**

સંયમ આપણો બીજો ભાઈ બને છે જયારે તેને યોગ્ય સન્માન પ્રાપ્ત થાય. ભારતીયો માટે વ્રત ઉપવાસ જીવનનો એક ભાગ છે. પંચાંગ (સંસ્કૃતઃ) હિંદુ શાસ્ત્રો પ્રમાણે કાળ ગણના માટેની એક પ્રણાલી છે. આધુનિક સમયમાં કેલેન્ડર સાથે તેને સરખાવી શકાય. પંચાંગની સંધી છુટી પાડીએ તો પંચ + અંગ = પંચાંગ. એટલેકે પાંચ અંગોનાં બનેલા આ શા સ્ત્રને પંચાંગ કહે છે. આ પાંચ અંગો એટલે તિથિ, વાર, નક્ષત્ર ,યોગ અને કરણ. હિંદુ પંચાંગ મુજબ લગભગ ૩૨.૫ મહિના પછી આવતા વધારાના મહિનાને અધિક માસ અથવા પુરુષોત્તમ માસ કહે છે. તેનો ઉદેશ ચંદ્ર અને સૌર પંચાંગને જોડવાનો છે. ચંદ્ર વર્ષ પરથી તિથિ, કરણ, વિવાહ, વાસ્તુ વગેરે કૃત્યો તથા વ્રત, ઉપવાસ, યાત્રાનો સમય વગેરે ઠરાવાય છે. માસ નિર્ણય પણ આ વર્ષ પરથી થાય છે. ચંદ્ર વર્ષ પ્રમાણે મહિનાઓ નક્કી થાય છે અને સૌર વર્ષ પ્રમાણે વર્ષ નક્કી થાય છે. ચંદ્ર વર્ષ સૂર્ય વર્ષ (સૌર વર્ષ કરતાં ૧૦ દિવસ ૨૧ કલાક અને ૨૦ મિનિટ ૩૫ સેકન્ડ) નાનું છે. આ તફાવત વધીને ૩૦ દિવસનો થવા આવે ત્યારે એક ચંદ્ર માસ વધારી બન્નેનો મેળ રાખવામાં આવે છે.

ભારતીય પ્રણાલિકા અને ખગોળ ગણતરી મુજબ વર્ષના ૧૨ મહિના ચદ્રની ગતિ/સ્થિતિ મુજબ હોય છે. આને 'ચાંદ્ર વર્ષ કહે છે. ચાંદ્ર વર્ષ ૩૫૪ દિવસ, ૮ કલાક, ૪૮ મિનિટ અને ૨૪ સેકન્ડનું છે. જયારે પશ્ચિમીવિશ્વની ગણતરી મુજબ 'સૌર વર્ષ ની લંબાઈ ૩૬૫ દિવસ, ૬ કલાક, ૯ મિનિટ અને ૯ સેકન્ડ છે. આ બંને વચ્ચે દર વર્ષે ૧૦ દિવસ, ૨૧ કલાક, ૨૦ મિનિટ અને ૪૫ સેકન્ડનો તફાવત પડે છે. એટલે કે સૌર વર્ષ કરતાં ચંદ્ર વર્ષ આશરે ૧૧ દિવસ નાનું છે. આ તફાવતને જો ધ્યાનમાં ન લઈએ અને અવગણીએ તો આપણા તહેવારો દર વર્ષે ૧૧ દિવસ પાછળ ખસતા જાય અને તહેવારો તથા ઋતુઓનો કોઈ મેળ સચવાય નહીં. નવરાત્રિ ઉનાળામાં આવે, ચોમાસુ મહા મહિનામાં આવી જાય, મકરસંક્રાંતિ, દિવાળી, હુતાસણી જેવા તહેવારો ચોમાસામાં આવી જાય.

દર ત્રીસ દિવસે સૂર્ય એક રાશિમાંથી બીજી રાશિમાં સંક્રમણ કરે છે. પણ સરેરાશ ૩૨ મહિના, ૧૬ દિવસ અને ૪ ઘડીને અંતરે એક એવો વિશેષ માસ આવે છે જયારે સૂર્ય બે મહિના સુધી એક જ રાશિમાં રહે છે અને સંક્રમણ કરતો નથી. તે વિશેષ માસને જ આપણે 'પુરુષોત્તમ માસ તરીકે ઓળખીએ છીએ.

ભારતની ભાતીગળ સંસ્કૃતિનો આધ્યાત્મિક વિકાસ અને વારસો એટલે વ્રત વૈભવ, તહેવારો અને ઉત્સવોનો ત્રિવેણિ સંગમ. ભારતીય સંસ્કૃતિ ધર્મપ્રાણ સંસ્કૃતિ છે. પરમ કૃપાળુ પરબ્રહ્મ પરમાત્માની આરાધના અને ઉપાસના પ્રાચીન કાળથી અને વૈદિક ઋષિ પરંપરાથી ભારતમાં તરી આવી છે. પ્રાચીન ઋષિમુનિઓએ ધાર્મિક કર્મકાંડના સુનિશ્ચિત નિયમોનું સુપેરે નિરૂપણ કર્યું છે. આ ધર્મપ્રાણ સંસ્કૃતિમાં ધર્મનાં શાશ્વત અને સનાતન તત્વો સમાવિષ્ટ થાય છે.આપણો દેશ ધર્મપ્રેમી દેશ છે. વર્ષભર અનેક ધર્મોના તહેવારોમાં વિવિધ દેવી દેવતાઓનું પૂજન અર્ચન કરવામાં આવે છે. પરંતુ અધિક માસ એક એવો મહિનો છે જે દરમિયાન લોકો અધિક ભક્તિમય બની જાય છે. અધિક માસ આવતાં જ લોકો યાત્રા અને પવિત્ર નદીઓના સ્થળે વધું જતાં જોવા મળે છે. આ મહિનામાં દરેક ધાર્મિક અને સાર્વજનિક સ્થળોએ ભજન, કિર્તન, સત્સંગ અને મહાભારત, રામાયણ કે ભાગવતની કથાવાર્તાઓનું આયોજન કરવામાં આવે છે. આ દુનિયાને બનાવનારા બ્રહ્માજીના પિતાને પુરુષોત્તમ કહેવાય છે.ભગવાન શ્રીકૃષ્ણએ ગીતાના અધ્યાયમાં કહ્યું છે કે ' આ પૃથ્વી કોઈપણ આધાર વગર જમીન પર ભ્રમણ કરી રહી છે તે કેવી રીતે? આનો મતલબ છે મારું અસ્તિત્વ આ દુનિયામાં છે. હું આ સર્વનું સંચાલન કરું છું. આ દુનિયામાં બધા જીવોનો નાશ થાય છે પણ હું અમર છું. આ દુનિયાના બધાં પ્રાણીઓમાં હું છું. જે લોકોના મનમાં પૃથ્વી પરના પ્રત્યેક જીવો માટે પ્રેમભાવ છે, જે લોકો ઈર્ષા, દંભ, અને વેરભાવને ભૂલી નિષ્કામ બનીને ગરીબ અને અસહાયોની મદદ કરે છે તેઓ જ મારું પુરુષોત્તમ સ્વરુપ ઓળખી શકે છે.

આ મહિનામાં દાન પુણ્યનું અધિક મહત્વ છે. જે લોકો અધિકમાસમાં દાનપુણ્ય કરે છે, ધાર્મિક કથાઓ, સત્સંગ અને ઈશ્વરની સેવામાં પોતાનો સમય વિતાવે છે, તેઓના પાછલાં બધાં પાપો ધોવાઈ જાય છે, અને તેમને મોક્ષની પ્રાપ્તિ થાય છે. મોટાભાગે લોકો એવું માને છે કે ભજનકિર્તન, સત્સંગમાં તો ઘરડાં લોકો જ જાય છે, યુવાનોએ તો હમણાં ખાઈ પીને મોજ કરવાની હોય છે, વૃધ્ધાવસ્થામાં ઈશ્વરનું નામ લઈશું, પણ એવું નથી વ્રત જપ જીવનને ચોક્કસ બંધારણ આપે છે, ઘાટ આપે છે.

પુરુષોત્તમ માસની એકાદશી ના વિષયે એક સમય ધર્મરાજા યુધિષ્ઠિરે ભગવાન શ્રી કૃષ્ણ ને પૂછ્યું કે ભગવાન મને પુરુષોત્તમ માસ ની એકાદશીના ફળ બતાઓ, ભગવાન શ્રી કૃષ્ણ એ કહ્યું કે એકાદશી પાપો નું હરણ કરવા વાળી, મનુષ્યને બધી મનોકામનાઓ પૂર્ણ કરનારી હોય છે. અર્જુન બોલ્યાઃ હે ભગવાન હવે તમે અધિક (મળ/પુરુષોત્તમ) માસ ની શુક્લા પક્ષ ની એકાદશી ને વિષે બતાવો, એનું નામ શું છે અને તથા વ્રત ની વિધિ શું છે? એમાં કયા દેવતાની પૂજા કરવામાં આવે છે અને એના વ્રત શું ફળ પ્રાપ્ત થાય છે? શ્રી કૃષ્ણ બોલ્યાઃ હે પાર્થ! અધિક માસ ની એકાદશી અનેક પુણ્ય પ્રદાન કરનારી છે, એનું નામ 'પદ્મિની' છે. આ એકાદશીમાં વ્રતથી મનુષ્ય વિષ્ણુલોક પામે છે. એ અનેક પાપો ને નષ્ટ કરનારી અને ભક્તિ પ્રદાન કરનારી છે.

હવે જે 'પદ્મિની એકાદશી' નું ભક્તિભાવ પૂર્વક વ્રત કરી ચુક્યા છે, એમની કથા કહું છું, ધ્યાનપૂર્વક સાંભળ. આ સુંદર ઋષિ પુલસ્ત્ય જી એ નારદજી ને કહેલી : એક સમય કાર્તવીર્ય એ રાવણને પોતાના બંદી ગૃહ માં બંધ કરી દીધો. એને મુની પુલાસ્ત્યજીએ કાર્તવીર્ય પાસે થી વિનય કરી છોડાવ્યો. આ ઘટના ને સાંભળી નારદજી એ પુલાસ્ત્યજી ને પૂછ્યું: 'હે મહારાજ! એ માયાવી રાવણને જેણે સમસ્ત દેવતાઓ સહીત ઈન્દ્રને જીત્યો હોય એને કાર્તવીર્ય એ કેવી રીતે જીત્યો? જે આપ મને સમજાવો.'

ત્યારે પુલસ્ત્યાજી બોલ્યા : 'હે નારદજી! પહેલા કૃતવીર્ય નામક એક રાજા રાજ કરતો હતો. એ રજા ને સો રાણીઓ હતી, એમાંથી એક પણ રાણીને રાજયભાર સંભાળી શકે એવો એક પણ પુત્ર ન હતો. ત્યારે રાજાએ આદરપૂર્વક પબ્દીતોને બોલાવ્યા અને પુત્ર ની પ્રાજ્ઞિ માટે યજ્ઞ કરાવ્યા, પણ બધા અસફળ રહ્યા. જે રીતે દુઃખી મનુષ્યને ભોગ નીરસ લાગે છે તેવી રીતે એને પણ પુત્ર વહાર રાજય દુઃખમય પ્રતીત થવા લાગ્યું. અંતે એ તાપ દ્વારા સિધ્ધિઓ પ્રાજ્ઞ કરવા માટે વનમાં ગયો. એની પત્ની (હરિશ્ચંદ્ર ની પુત્રી પ્રમાદા) વ સ્ત્રાલંકારો ને ત્યાગી પોતાના પતિ સાથે ગંધમાદન પર્વત પર ચાલી નીકળી. એ સ્થાન પર એ બન્ની દસ હજાર વર્ષ સુધી તપ કર્યું પણ સિદ્ધિ પ્રાજ્ઞ ના થઈ શકી. રાજાના શરીર માં ફક્ત હાડકાઓ રહી ગયા હતા. આ જોઈ પ્રમાંદાએ વિનય સહીત મહાસતી અનસુયા ને પૂછ્યું : મારા પતિદેવ ને તપસ્યા કરતા દસ હાજર વર્ષ વીત્યા, છતાં અત્યાર સુધી ભગવાન પ્રસન્ન નથી થયા, જેનાથી મને પુત્ર પ્રાજ્ઞ થાય, એનું કારણ શું છે?

મહાસતી અનસુયાએ કહ્યું કે અધિક (મળ/પુરુષોત્તમ) માસ માં જે છત્રીસ મહિના પછી આવે છે, એમાં બે એકાદશી હોય છે. એમાં શુક્લ પક્ષ (સુદ) ની એકાદશી નું નામ 'પદ્મિની' અને કૃષ્ણ પક્ષ (વાળ) ની એકાદશી નું નામ 'પરામાં'છે. એનું વ્રત અને જાગરણ કરવાથી ભગવાન તને અવશ્ય પુત્ર આપશે. ત્યાર પછી અન્સુયાજીએ વ્રત ની વિધિ બતાવી. રાણી એ અનસુયાએ બતાવેલ વિધિ અનુસાર એકાદશી નું વ્રત અને રાત્રી જાગરણ કર્યું. જેનાથી પ્રસન્ન થઇ ભગવાન વિષ્ણુએ એને વરદાન માંગવાનું કહ્યું. રાણીએ કહ્યુંઃ તમે આ વરદાન મારા પતિને આપો. પ્રમાંદાનું વચન સાંભળી ભગવાન વિષ્ણુ બોલ્યાઃ 'હે પ્રમદે! મળ માસ મને ખુબજ પ્રિય છે. એમાં પણ એકાદશી તિથી મને સૌથી અધિક પ્રિય છે. આ એકાદશી તિથી નું વ્રત અને રાત્રી જાગરણ તે વિધિપૂર્વક કર્યું, માટે હું તારા પર અત્યંત પ્રસન્ન છું.' એટલું કહીને ભગવાન વિષ્ણુએ રાજા ને કહ્યુંઃ 'હે રાજેન્દ્ર! તું તારી ઈચ્છા અનુસાર વાર માંગ. કારણ તારી પત્નીએ મને પ્રસન્ન કર્યો છે.'

ભગવાનની મધુર વાણી સાંભળી રાજા બોલ્યાઃ 'હે ભગવન! તમે મને સૌથી શ્રેષ્ઠ, બધાને પૂજનીય, અને આપ સિવાય દેવ અને દાનવો, મનુષ્ય વગેરે થી અજેય ઉત્તમ પુત્ર આપો.' ભગવાન તથાસ્તુ કહીને અંતર્ધાન થઈ ગયા. એના પછી તેઓ બંને પોતાના રાજય માં પાછા આવ્યા. એમને ત્યાં કાર્તીવીર્ય ઉત્પન્ન થયા હતા. જે ભગવાન સિવાય સિવાય બધાથી અજેય હતા. એને રાવણને જીતી લીધો હતો. આ બધું 'પદ્મિની' વ્રત નો પ્રભાવ હતો. એટલું કહી પુલસ્ત્યજી ત્યાંથી ચાલ્યા ગયા. ભગવાન શ્રી કૃષ્ણ બોલ્યાઃ હે પાંડુનંદન અર્જુન! આ મેં અધિક (મળ/પુરુષોત્તમ) માસ ના શુક્લ પક્ષની એકાદશી નું વ્રતની વાત કહી. જે મનુષ્ય આ વ્રત ને કરે છે, એ વિષ્ણુ લોક ને પામે છે. વ્રત નાનું હોય કે મોટું, પરંતુ કસોટીની પળે એને વળગી રહેવું એ મુખ્ય વાત છે. નિયમિત ખોરાકની જેમ શરીર પુષ્ટ થાય છે તેમ નાનાંમોટાં વ્રતોથી આત્માનું બળ અભિવૃદ્ધિ પામે છે; મન, બુદ્ધિ અને ચિત્ત પણ પોષાય છે. ભારતીય જીવનના પાયામાં ધર્મ, અર્થ, કામ અને મોક્ષ સમાવિષ્ટ થાય છે. ધર્મ સાધનાના જે વિવિધ પ્રકારો છે, તેમાંનો એક પ્રકાર વ્રતઉપાસના દ્વારા સાધી શકાય છે. (આ. હેમાબહેનનો આભારી છું.)